NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

समग्र शिक्षा
Samagra Shik

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા,
સેકટર-૧૭, ગાંધીનગર
વેબસાઈટ : www.ssagujarat.org
ઈ-મેઈલ : qem-gcsess@gujarat.gov.in

પત્રક્રમાંક : એસએસ/QEM/(પ્રા. અને સે.સ્કુ.ગ્રા.)/૨૦૨૪/ 30926-602          તા.23 /૦૭/૨૦૨૪

પ્રતિ,
(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા : તમામ.

(૨) જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા, જિલ્લા : તમામ.

(૩) એડી.જિલ્લા પ્રોજેકટ કો.ઓ.અને શાસનાધિકારીશ્રી,
સમગ્ર શિક્ષા, અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત કોર્પોરેશન, સમગ્ર શિક્ષા

**વિષય : સંયુકત શાળા ગ્રાન્ટ(Composite School Grant)ના વપરાશ અને ઉપયોગ અંગેની માર્ગદર્શિકા મોકલવા બાબત.**

સંદર્ભ : (૧) ફ્રેમવર્ક ફોર ઈમ્પ્લીમેન્ટેશન સમગ્ર શિક્ષા અભિયાન નં- F.No.2-16/2017-EE.3 ભારત સરકાર, તા.૦૫/૦૪/૨૦૨૧૮

(૨) અત્રેની કચેરીના પત્રક્રમાંકઃ એસએસએ/TT/(સં.શા.ગ્રા.)/૨૦૧૮/૨૮૨૪૯-૨૮૬, તા.૨૪/૦૮/૧૮ અને ત્યાર પછીના પત્રો

(૩) અત્રેની કચેરીના પત્રક્રમાંક : School Com.Grant/2018-19/૪૪૭૫૬-૭૯૦ તા.૨૯/૧૨/૨૦૧૮ અને ત્યાર પછીના પત્રો

આપ સુવિદિત છો કે વર્ષ : ૨૦૧૮-૧૯થી સમગ્ર શિક્ષા કાર્યક્રમ અમલી બનેલ છે. આ યોજના તમામ સરકારી શાળાઓ માટે વાર્ષિક રીકરીંગ ગ્રાન્ટ તરીકે શાળા સંયુકત ગ્રાન્ટની જોગવાઈ કરવામાં આવેલ છે.

સમગ્ર શિક્ષા ધ્વારા બજેટ તૈયાર કરતી વખતે ઉપયોગમાં લેવામાં આવતા ડાયસ(DISE)ડેટામાં દર્શાવેલ રાજયની તમામ સરકારી પ્રાથમિક શાળા(ધોરણ-૧ થી ૮ સુધી)ના બાળકોના નામાંકન તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક(ધોરણ-૯ થી ૧૨ સુધી)ની શાળાના બાળકોના નામાંકન મુજબ ગ્રાન્ટ મંજુર થાય છે.

સમગ્ર શિક્ષા અંતર્ગત ધોરણ-૧ થી ૧૨ની શાળાઓમાં નોંધાયેલ(નામાંકન થયેલ)વિદ્યાર્થીઓ માટે નીચે મુજબ ગ્રાન્ટ જોગવાઈ છે.

| ક્રમ | નામાંકન | ધોરણ-૧ થી ૮ | ધોરણ-૯ થી ૧૨ |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૩૦ સુધીના નામાંકન માટે | ૧૦,૦૦૦ | ૧૦,૦૦૦ |
| ૨ | ૩૧ થી ૧૦૦ સુધીના નામાંકન માટે | ૨૫,૦૦૦ | ૨૫,૦૦૦ |
| ૩ | ૧૦૧ થી ૨૫૦ સુધીના નામાંકન માટે | ૫૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| ૪ | ૨૫૧ થી ૧૦૦૦ સુધીના નામાંકન માટે | ૭૫,૦૦૦ | ૭૫,૦૦૦ |
| ૫ | ૧૦૦૦ થી ઉપરના નામાંકન માટે | ૧,૦૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |

ફ્રેમવર્ક ફોર ઈમ્પ્લીમેન્ટેશન સમગ્ર શિક્ષામાં આપેલ નોર્મ્સ/જોગવાઈઓ અન્વયે ઉકત સંદર્ભ-(૨) અને (૩)ના પત્રથી આપેલ સૂચનાઓમાં જરૂરી સુધારા આમેજ કરીને ધોરણ-૧ થી ૧૨ માટે સંયુકત શાળા ગ્રાન્ટ/વપરાશ અને ઉપયોગ અંગે સર્વગ્રાહી સૂચનાઓ/માર્ગદર્શન નવેસરથી નીચે મુજબ આપવામાં આવે છે તે મુજબ અમલવારી કરવાની રહેશે.

સંયુકત શાળા ગ્રાન્ટ વાર્ષિક(વન ટાઈમ)રીકરીંગ શાળા ગ્રાન્ટ છે. આ ગ્રાન્ટના વપરાશ અને ઉપયોગ અંગે સમગ્ર શિક્ષાની ગાઈડલાઈન(ફ્રેમવર્ક)માં દર્શાવેલ વિગતો મુજબ આ ગ્રાન્ટના ઉપયોગમાં પારદર્શિતા હોવી અપેક્ષિત છે. જેમાં સામાજિક ઓડિટની જોગવાઈ હોવી જોઈએ તેમજ આ ગ્રાન્ટ SMC(School mangement commitee) / SMDC (School mangement & devlopment commitee) કક્ષાએ ફાળવીને તેઓ ધ્વારા ખર્ચાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

**સંયુકત શાળા ગ્રાન્ટનો વપરાશ અને ઉપયોગ :**

(૧) શાળાના બિન કાર્યકારી સાધનોને બદલવા માટે વાર્ષિક ધોરણે શાળાના સાધનો અને અન્ય પુનરાવર્તિત ખર્ચ માટે કરવો જેમાં, રમત સામગ્રી, બાળ ઉપયોગી જ્ઞાનવર્ધક સાધનો, રમત ગમતના સાધનો, પ્રયોગ શાળાઓ, વીજળી ખર્ચ, ઈન્ટરનેટ, પાણી, શિક્ષણ સહાય વગેરે જેવા અન્ય રીકરીંગ ખર્ચ આ ગ્રાન્ટમાંથી કરી શકાશે.

(૨) હાલની શાળાના મકાન, શૌચાલય અને અન્ય સુવિધાઓની વાર્ષિક જાળવણી અને સામાન્ય મરામત માટે આ ગ્રાન્ટનો ઉપયોગ કરી શકાશે. સ્વચ્છ ભારત અભિયાનને પ્રોત્સાહન આપવા તથા સ્વચ્છતા એકશન પ્લાન હેઠળની પ્રવૃત્તિઓ હાથ ધરી શકાશે.

(૩) શાળા કક્ષાએ સમુદાયના યોગદાન ઘટકોનો સમાવેશ કરેલ હોય, શાળા ધ્વારા સમુદાયનું યોગદાન/સહયોગ મેળવી શકાશે.

(૪) શાળા સંયુકત ગ્રાન્ટના ઓછામાં ઓછા 10% ગ્રાન્ટનો ઉપયોગ શાળા સ્વચ્છતા એકશન પ્લાનને લગતી પ્રવૃત્તિઓ માટે કરવો. આ 10% ગ્રાન્ટનો ઉપયોગ શાળાના શૌચાલય, પીવાના સ્વચ્છ પાણી સહિત શાળાઓની જાળવણીની સુવિધા હાથ ધરવી.

(૫) શાળા સેનીટેશન અને ઈન્ફ્રાસ્ટ્રકચરમાં સુધારો, હાથ ધોવા સાબુ, સંચાલન અને જાળવણી, વર્તણુંક પરિવર્તન પ્રવૃત્તિઓ(બીહેવીયર ચેન્જ પ્રવૃત્તિ), શ્રમ નિર્માણ વગેરેનો સમાવેશ કરવાનો રહેશે. સ્વચ્છતા સંબંધી બાબતોનો પણ સમાવેશ કરવાનો રહેશે.

**<u>શાળા કક્ષાએ ફાળવેલ/ફાળવવામાં આવનાર આ ગ્રાન્ટના વપરાશ અંગે નીચે મુજબની સુચના/ માર્ગદર્શન આપવુ તથા તે મુજબ તેનો અમલ થાય તે જોવાનું રહેશે.</u>**

a. જે શાળામાં SMC/SMDC માં ગ્રાન્ટ જમા થયેથી તેની ખરાઈ કરીને ગ્રાન્ટ વપરાશ માટે પ્રવર્તમાન પધ્ધતિને અનુસરીને SMC/SMDC સભ્યોની મિટીંગ બોલાવવી.
b. SMC/SMDC મિટીંગમાં ગ્રાન્ટનો ઉપયોગ અંગેની માર્ગદર્શિકામાં/ગાઈડ લાઈનમાં દર્શાવેલ મુદ્દાઓ પૈકી શાળાની જરૂરિયાતને ધ્યાનમાં લઈ અગ્રતાક્રમ નકકી કરીને, તે અંગે ચર્ચા–વિચારણાને અંતે જરૂરીયાત મુજબ બાબતો નકકી કરવી.
c. ગ્રાન્ટ વપરાશના હિસાબો તથા તે અન્વયે નિભાવવાના થતા દસ્તાવેજો/રેકર્ડ પ્રવર્તમાન નાણાંકીય નિયમો મુજબના રહેશે.
d. આ ગ્રાન્ટ માટે અન્ય બાબતો ભારત સરકાર તરફથી મળેલ Draft Framework for Implimentation of Samagra shiksha an integrated scheme for school education ની સંદર્ભ–(૧)ની માર્ગદર્શિકામાં સંયુકત શાળા ગ્રાન્ટ માટેની નિર્દિષ્ટ જોગવાઈઓને અનુસરવાનું રહેશે. જે માર્ગદર્શિકા MoE(Ministry of Education) વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

ચાલુ વર્ષે સમગ્ર શિક્ષા અંતર્ગત શાળાઓમાં બાળકોના નામાંકન મુજબ મંજુર થયેલ ગ્રાન્ટના વપરાશ અને ઉપયોગ અંગેના ક્રમ નં– ૧ થી ૫ તથા (a) થી (d) મુજબની સુચનાઓ અનુસાર ગ્રાન્ટ વપરાશ અને ઉપયોગ કરવાનો રહેશે.

શાળા સંયુકત ગ્રાન્ટના વપરાશ/ઉપયોગ અંગે જે તે ગ્રાન્ટ વપરાશ હેતુ અન્ય વિભાગ/કચેરી ધ્વારા આપેલ પરિપત્રની સૂચના/વસ્તુઓ કે જોગવાઈઓનું પુનરાવર્તન કે ડુપ્લીકેશન ન થાય તેની શાળા કક્ષાએ અંગત તકેદારી રાખવાની રહેશે.

**સંયુકત શાળા ગ્રાન્ટ ઉપયોગ અને વપરાશ માટે સમયાંતરે નિરીક્ષણ/ચકાસણી કરવા અંગે :**

- સંયુકત શાળા ગ્રાન્ટનો વપરાશ યોગ્ય રીતે થાય તે માટે સીઆરસી/બીઆરસી કો.ઓ. ધ્વારા મોનીટરીંગ કરવું.
- મદદનીશ જિલ્લા કયુઈએમ કો.ઓર્ડિનેટર(ADPC,TT)ધ્વારા શાળા મુલાકાત વખતે SMC/SMDC ને ફાળવવામાં આવેલ ગ્રાન્ટ વપરાશ અંગે ચકાસણી કરવી, જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપવું.
- શાળાએ જે તે હેડ મુજબ ફાળવેલ ગ્રાન્ટનો નિર્દિષ્ટ હેતુપૂર્તિ માટે ખર્ચ થયેલ છે તેની ચકાસણી કરવી.
- શાળાએ જે તે હેડની ગ્રાન્ટ અન્ય હેડના હેતુફેરના વપરાશ માટે સમગ્ર શિક્ષા કચેરીના સક્ષમ અધિકારીની પૂર્વ મંજુરીને આધિન આપેલ સૂચના મુજબ અમલવારી કરવાની રહેશે.
- SMC/SMDC ના સભ્ય સચિવ તરીકે આચાર્યશ્રીએ ગ્રાન્ટ વપરાશ માટે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતો અને પ્રોકયોરમેન્ટ પ્રોસીઝરને ધ્યાને લઈ જે તે પ્રવૃત્તિઓ સબંધિત ખર્ચ કરવાની કાર્યવાહી કરવાની રહેશે.
- સમગ્ર શિક્ષા અંતર્ગત શાળા કક્ષાએ મળવાપાત્ર તમામ પ્રકારની ગ્રાન્ટની અગ્રતા નકકી કરીને તે મુજબ કુલ રકમની 25% ગ્રાન્ટ લિમીટ આપવામાં આવેલ છે, જે તે પ્રવૃત્તિ/કાર્યક્રમ માટેની માર્ગદર્શિકા અને શાળાના આયોજન મુજબ જે તે પ્રવૃત્તિ માટે ફાળવેલ ગ્રાન્ટમાંથી આ ગ્રાન્ટની વાર્ષિક બજેટ મર્યાદા કરતાં વધારે ખર્ચ ન થાય તેની આચાર્યશ્રીએ ખાસ તકેદારી રાખવાની રહેશે. કોઈપણ દર્શાવેલ પ્રવૃત્તિ માટેની ગ્રાંટનો ખર્ચ થાય નહિ તેવું ન બનવું જોઈએ.
- આવશ્યકતા, જરૂરિયાત અને તે પ્રવૃત્તિ માટે ફાળવેલ ગ્રાન્ટ લિમીટ વાપરી શકાશે.

સંયુકત શાળા ગ્રાન્ટના હિસાબોની નિભાવણી તથા વપરાશ માટે થયેલ ખર્ચ તથા તે અંગેના વાઉચર, રોજમેળ, ચેક/રોકડ ચુકવણાનું રજીસ્ટર, ડેડ સ્ટોક અને ગ્રાન્ટ રજીસ્ટર વગેરે નિભાવવાના થતા રેકર્ડ/પત્રકો નાણાંકીય રેકર્ડ નિભાવવા અંગેના પ્રવર્તમાન નિયમો મુજબ શાળા કક્ષાએ નિભાવવાના રહેશે અને જે તે પ્રવૃત્તિના અહેવાલ/ડોકયુમેન્ટેશન શાળા કક્ષાએ ઉપલબ્ધ રાખવાના રહેશે.

(મહેશ મહેતા)
સચિવ
સમગ્ર શિક્ષા,એસ.પી.ઓ,
ગાંધીનગર.

નોંધ ઉપર માન.એસપીડીશ્રીની મંજુરી અન્વયે.

**નકલ સવિનય રવાના :**

- માન.એએસપીડીશ્રી, સદર કચેરી.
- માન.એસપીડીશ્રી, સદર કચેરી.

**નકલ રવાના જાણ સારૂ :**

- હિસાબી શાખા, સદર કચેરી

**નકલ જાણ આનુસાંગિક કાર્યવાહી તથા અમલવારી સારૂ :**

- મદદનીશ જિલ્લા કો.ઓ. કયુઈએમ(ADPC,TT), જિલ્લા તમામ.
- મદદનીશ કો.ઓ.(સેકન્ડરી), જિલ્લા તમામ
- એકાઉન્ટ ઓફિસર,સમગ્ર શિક્ષા, જિલ્લા તમામ

**નકલ રવાના સદર પરિપત્ર કયુઆરકોડમાં પ્રદર્શિત હેતુ અપલોડ કરવા સારૂ :**

- એમઆઈએસ શાખા, સદર કચેરી